# શહેરમાં પાણી ગટર વેરા મામલે તંત્રના ચોપડે જુની ૨.૧૮ કરોડની વસુલાત બાકી

## ગ્રામ્ય વિસ્તારના બાકીદારો વેરો ચુકવવામાં નિરસતા દાખવે છે : એડવાન્સ વસુલાત ઝુંબેશ હાથ ધરાઇ : રૂ ૧.૪૩ કરોડ વસુલવા માટે બીલ વિતરણ કરી દેવાયુ

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં પાણી ગટર વેરા મામલે વર્ષોથી બાકી માંગણાનુ હજુ પણ ચુકવણુ થતુ નથી પાણી ગટર વેરા અન્વયે બાકીદારોની સંખ્યામાં મોટાભાગના જોડાણકર્તાઓ શહેરી વિસ્તારના ગામોના છે. પરંતુ લાંબા સમયથી વેરાની રીકવરી થતી નથી ગ્રામ્ય વિસ્તારના જોડાણકર્તાઓ વેરો ભરપાઈ કરવામાં નિરસતા દાખવી રહ્યા છે. ગાંધીનગરમાં સે-૧ થી ૩૦ માં હાલ પાણી ગટર વેરાની વસુલાત સંદર્ભે બીલનુ વિતરણ કરી દેવાયુ છે. જયારે માર્ચ મહીનામાં વેરા વસુલાતને અનુલક્ષી વળતર પણ આપવામાં આવે છે. જો કે હાલ બીલ મળતા જોડાણકર્તાઓ વેરો ચુકવવા માટે ઉત્સુક જોવા મળી રહ્યા છે. શહેરના સે-૧ થી ૩૦ અને શહેરી વિસ્તારના ગામો આદીવાડા, બોરીજ , પાલજ, બાસણ, ધોળાકુવા ,ગોકુલપુરા, ઈન્દ્રોડા, ફતેપુરા સહીતના ગામોમાં થઈને કુલ પાણી ગટર વેરા સંદર્ભે કુલ ૧.૪૩ કરોડનુ માંગણુ છે. જયારે ૨૬ હજારથી વધુ જોડાણકર્તાઓ પાસેથી વેરો વસુલવા માટે તંત્રએ બીલ વિતરણના અંતે હાલ વેરા વસુલાત ઝુંબેશ શરૂ કરી દીધી છે. માર્ચ મહીનામાં વેરા વસુલાત બદલ વિશેષ વળતરનો પણ લાભ આપવામાં આવે છે વેરા વસુલાત ક્ષેત્રે માર્ચના અંતમાં દરવર્ષે અંદાજિત ૫૫ થી ૬૦ ટકા કામગીરી થાય છે. જો કે વર્ષ દરમિયાન પણ વેરો ચુકવવા માટે જોડાણકર્તાઓની અવરજવર સતત વિભાગની કચેરીએ જોવા મળે છે. ગાંધીનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પાણી પુરવઠો સપ્લાય કરવા માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે વર્ષના અંતે પાણી ગટર વેરાની નજીવી રકમ ચુકવવામાં પણ નાગરિકો નિરસતા સેવી રહ્યા હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. એકબાજુ વેરા વસુલાત ઝુંબેશને વધુ અસરકારક બનાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ત્યારે જુના બાકી માંગણાનો આંકડો પણ મોટો છે. તંત્રના ચોપડે પાણી ગટર વેરા વસુલાત અન્વયે વર્ષો જુના બાકી માંગણા રકમ પણ ૨.૧૮ કરોડ જેટલી થવા જાય છે. એકબાજુ વસુલાત ઝુંબેશ અન્વયે મહત્તમ જોડાણકર્તાઓ વેરો ચુકવવા માટે પ્રોત્સાહીત થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે બીજીતરફ ચાલુ વર્ષના માગંણા સામે જુના વેરાની રકમ મોટી છે. સેકટરવાસીઓ સિવાય અન્ય શહેરી વિસ્તારના ગામોના જોડાણકર્તાઓ વેરો ચુકવવામાં નિરસતા સેવી રહ્યા છે. હાલ એડવાન્સ વેરા વસુલાત અન્વયે બીલ વિતરણ મોટાભાગના વિસ્તારમાં થઈ ગયુ છે. ત્યારે જુના બીલના આધારે પણ વેરો સ્વીકારવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે. શહેરમાં પાણી ગટર વેરા વસુલાત ઝુંબેશ અન્વયે ઓનલાઈન વેરો સ્વીકારવામાં આવે તે માટે પણ અગાઉ વિભાગ સાથે બેઠક યોજવામાં આવી હતી પરંતુ ઓનલાઈન વેરા વસુલાત અન્વયે લાંબા સમયના અંતે પણ કોઈ વ્યવસ્થા ગોઠવાઈ નથી જેના લીધે બાકીદારોએ વેરાની રકમ ચુકવવા માટે કચેરી અગર નિયત કરેલા સેન્ટર સુધી ધક્કો ખાવાની ફરજ પડે છે.

# રાજ્યમાં પ્રિ-પ્રાયમરી સ્કૂલો અને આંગણવાડી ૧૭મીથી શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૪

કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે આંગણવાડી અને પ્રિ સ્કૂલો બંધ રહેતા રાજ્યના ભૂલકાઓને ખૂબ મોટો લર્નિંગ લોસ થયો છે. જેને ધ્યાને રાખીને આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની આંગણવાડી અને પ્રિ સ્કૂલો પુનઃ શરૂ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે.

આગામી તા.૧૭ ફેબ્રુઆરી, ગુરૂવારથી રાજ્યભરના આંગણવાડી અને પ્રિ સ્કૂલના સંચાલકો કોરોનાની નિયત એસ.ઓ.પી.ના ચુસ્ત પાલન તથા વાલીના સંમતિ પત્ર સાથે ભૂલકાઓ માટે શિક્ષણ કાર્ય શરૂ કરી શકશે તેમ શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે.

મંત્રી વાઘાણી ઉમેર્યું કે બાળકો બાલમંદિર/પ્રિ સ્કૂલ કે આંગણવાડીમાં અભ્યાસ કરી શક્યા ન હોવાથી ધોરણ-૧ માં પ્રવેશ લેતા બાળકોનો શૈક્ષણિક પાયો નબળો રહી ના જાય તેની ચિંતા સરકાર કરી રહી છે અને તે માટે જ તેમને થયેલો લર્નિંગ લોસ દૂર કરવા વિશેષ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યા છે.



પ્રેમ પર્વની અનોખી ઉજવણી - વેલેન્ટાઈન-ડેની વૈશ્વિક ઉજવણી અલગ-અલગ રીતે થાય છે... ગુલાબ આપીને, ભેટ સોગાદ આપીને વગેરે રીતે થાય છે... પરંતુ ભારતીય સંસ્કૃતિમાં પ્રેમનો મહિમા અનોખો છે... સૌથી વધુ પ્રેમ માતા-પિતા તરફનો સંતાનોનો હોય છે... અને એ અભિવ્યક્ત કરવા માટે કોઈ એક દિવસ નહિ સમગ્ર જીવન હોય છે... ત્યારે વેલેન્ટાઈન-ડેના દિવસે સેક્ટર-૨૩ વિરાટનગર સ્થિત જોતેશ્વર મહાદેવ મંદિર ખાતે માતા-પિતાના પૂજન દ્વારા વેલેન્ટાઈન-ડેની ઉજવણીનો કાર્યક્રમ નવી ભાત ઉપસાવે છે... પશ્ચિમી પવનની સામે ભારતીય સંસ્કૃતિની આ પરંપરા જળવાય અને એમા જોતરાવાય એવી તાતી જરૂરિયાત વર્તમાનમાં છે...

# સે-૯ અને ૧૨ માં ૧૬૮ જોખમી મકાનો તોડી પડાશે

## સે-૯ માં ચ, ચ-૧ અને છ કક્ષાના કુલ ૭ જોખમી બ્લોક તોડવામાં આવશે જયારે સે-૧૨ માં ચ અને છ કક્ષાના ૯૬ મકાનો તોડવા માટેની દરખાસ્તને વિભાગે મંજુરી આપી

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો જોખમી હાલતમાં પણ અસ્તિત્વ ધરાવે છે. એકબાજુ નવા મકાનો બાંધવા માટે પણ કામગીરી ચાલી રહી છે. પરંતુ મોટાભાગના સરકારી આવાસો રહેણાંકને લાયક ન હોવાથી સેકટરોમાં નવા આવાસો કરતા જોખમી મકાનોની સંખ્યા વધુ છે ત્યારે જુના આવાસોનો કડુસલો કરવામાં પણ ઝડપથી કામ હાથ ધરવામાં આવે તો ખુલ્લી જગ્યાના ઠેકાણે નવા મકાનો બાંધવાનુ કામ હાથ ધરી શકાય તેમ છે. જેને અનુલક્ષીને વિભાગ કક્ષાએથી સે-૯ અને સે-૧૨ માં લાંબા સમયથી જોખમી હાલતમાં અસ્તિત્વ ધરાવતા કુલ ૧૬૮ મકાનો તોડવા માટે મંજુરી આપી દેવામાં આવી છે.

ગાંધીનગરમાં જુના અને જર્જરિત સરકારી આવાસો તબક્કાવાર તોડવામાં આવી રહ્યા છે. શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જયારે જુના આવાસોને તોડવા માટે પણ તંત્ર દ્વારા સમયાંતરે દરખાસ્ત કરવામાં આવે છે. જુના આવાસો તોડીને જગ્યા ખુલ્લી થયાના અંતે નવા આવાસો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં સે-૬ ,સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે હાલ સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. આ ઉપરાંત સે-૨૯ માં પણ નવા મકાનો બાંધવાનો નિર્ણય થોડા સમય અગાઉ લેવાયો હતો જો કે હજુ પણ શહેરમાં નવા આવાસો તૈયાર કરવાની યોજના છે. ત્યારે વિવિધ કક્ષાના સરકારી આવાસો બાંધવા માટે જગ્યાની પસંદગી કરવામાં પણ વિલંબ થઈ રહ્યો છે. જુના આવાસો તોડીને

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઠંડીનો પારો ૪ ડીગ્રી ઉંચકાયો

## છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો પણ ઉંચકાયો : મહત્તમ તાપમાન ૩૧. ૬ ડીગ્રી પહોંચી જતા દિવસનો તાપ આકરો બન્યો : લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીમાંથી સીધુ ૧૨.૩ ડીગ્રી આવી જતા ઠંડીમાં રાહત

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં મોસમનો મિજાજ રોજ બરોજ બદલાતો રહે છે. ઠંડીની સિઝન દરમિયાન લઘુત્તમ તાપમાનમાં એક જ રાતમાં નોધપાત્ર ફેરફાર જોવા મળતા ક્યારેક ઠંડી તો ક્યારેક ગરમી અનુભવતા નગરજનો વિચિત્ર મોસમથી અકળાયા છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રી નીચે સરકી ગયુ હતુ જયારે આજે અચાનક જ ઠંડી ઘટીને તાપમાન ૧૨.૩ ડીગ્રી આવી ગયુ હતુ. બીજીતરફ ગરમીનો પારો પણ છેલ્લા ત્રણ દિવસમાં ૩ ડીગ્રી ઉંચકાયો છે જેના લીધે દિવસનો તાપ આકરો બન્યો છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૧.૬ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે દિવસે ઘરો અને ઓફિસોમાં પંખા ઓન જોવા મળ્યા હતા.

ગાંધીનગરમાં વિદાય લેતા શિયાળા દરમિાયન ઠંડીનો મિજાજ ગમે ત્યારે બદલાય છે. છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન ગગડતા શહેરમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. ગત દિવસોમાં ઉનાળા

● અનુસંધાન પાન-૭ પર

# રાજેન્દ્રસિંહનું ખેતીવાડી સમિતિમાંથી રાજીનામુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ભાજપના કડાદરા બેઠક પરથી વિજયી થયેલા રાજેન્દ્રસિંહે ખેતીવાડી-ઉત્પાદન અને સહકાર સમિતિના સભ્યપદેથી રાજીનામુ આપ્યુ છે.

હવે તેઓ શિક્ષણ અને કારોબારી સમિતિના જ સભ્ય તરીકે રહે છે. તેઓ શિક્ષણ સમિતિના ચેરમેન પદ માટે હાલ તો હોટ ફેવરિટ મનાઈ રહ્યા છે. જો કે ૧૮મીએ શિક્ષણ સમિતિની બેઠકમાં ચેરમેનપદનો મુદ્દો હાથ ધરવામાં આવશે અને ત્યારે જ ચિત્ર સ્પષ્ટ થશે.

જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનપદ માટે રૂપાલ બેઠકના મહિલા સદસ્ય પણ તેમનો દાવો આગળ કરી રહ્યા છે. પક્ષની નેતાગીરી ૧૮મીએ બેઠક પૂર્વે જ સભ્યોને મેન્ડેટ આપશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન નાથુભાઈ પટેલનું હાર્ટએટેકથી દુઃખદ અવસાન થયુ હતુ અને હાલ આ જગ્યા ખાલી પડેલી છે જે ઉલ્લેખનીય છે.

# કોંગ્રેસ પક્ષના દંડક તરીકે સી.જે. ચાવડા અને પ્રવક્તા તરીકે બળદેવજી ઠાકોર નિમાયા

## કોંગ્રેસ વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા તરીકે શૈલેષ પરમારની નીયુક્તિ કરી





ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક તરીકે ડૉ. સી.જે. ચાવડા અને વિધાનસભા પક્ષના પ્રવક્તા તરીકે બળદેવજી ઠાકોરની નિમણુંક કરવામાં આવતાં જિલ્લા કોંગ્રેસમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

આ બન્ને ધારાસભ્યો ગાંધીનગર (ઉ) અને કલોલ વિધાનસભાનું ગૃહમાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના વિપક્ષના નેતાની નિમણૂંક બાદ લાંબા સમયથી વિલંબિત થયેલી બાકી નિમણૂંકો કરવા અંગે કોંગ્રેસ મોવડીમંડળે નિર્ણય લઈને આજે વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા અને દંડક સહિતના નેતાઓની નિમણૂંકોની જાહેરાત કરી છે.

આ અંગેની વિગતો આપતા વિપક્ષના નેતા સુખરામભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ મોવડીમંડળ દ્વારા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તરીકે શૈલેષ પરમારની, કોંગ્રેસ પક્ષના દંડક તરીકે સી.જે. ચાવડા, ખજાનચી તરીકે નિરંજન પટેલ તેમજ પ્રવક્તા તરીકે પુંજાભાઈ વંશ અને અશ્વિન કોટવાલ અને વીરજી ઠુમ્મરની નિમણૂંક કરી છે.

# પંચાયતના નવ અધિકારીઓને ૨૬ ગામોમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનું સુપરવિઝન સોંપાયુ

## ગતિશીલ અને ગ્રામાભિમુખ તંત્રના અભિગમ સાથે જિલ્લા વિકાસ અધિકારીએ આ આદેશો કર્યા

ગાંધીનગર, તા. ૧૪

કેન્દ્ર અને રાજ્ય સરકારની મહત્વાકાંક્ષી પ્રધાનમંત્રી આવાસ યોજનામાં વેગ લાવવા માટે જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લાના ૯ જેટલા અધિકારીઓને તેના સુપરવિઝન સહિતની કામગીરી સુપ્રત કરી છે.

જિલ્લા ગ્રામ વિકાસ યોજના અંતર્ગત ચાલતી આ યોજનામાં નબળા અમલીકરણની વાતો અખબારોના પાને વારંવાર ચમકી ચુકી છે. જિલ્લામાં પંદરસોથી પણ વધુ આવાસોની કામગીરી પૂર્ણ થઈ નથી.

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરાયેલા આ આદેશમાં આ અધિકારીઓને સ્થળ પર જવા તેમજ લાભાર્થીઓને પડી રહેલી મુશ્કેલીઓના ઉકેલ સહિતની કામગીરી સોંપવામાં આવી છે. આ આવાસો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા માટે પણ કડક તાકીદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જ્હાનવી પટેલ, ચીટનીસ કમ તા.વિ.અ. સુશ્રી વીણાબેન પટેલ, નાયબ જિલ્લા પ્રા.શિ.અ. હેમાંગ ભટ્ટ, નાયબ કાર્યપાલક ઈજનેર એમ.એસ. પટેલ, જિલ્લા આંકડા અધિકારી એમ.કે. પ્રજાપતિ, કાર્યપાલ ઈજનેર કે.એ. ચૌધરી, જિલ્લા ખેતીવાડી અધિકારી એ.વી. પટેલ, મદદનીશ પશુપાલન નિયામક ડૉ. એસ.આઈ. પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેર જે.પી. દોડિયાને આ માટે સુપરવિઝનની જવાબદારી સોંપવામાં આવી છે.

જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની નબળી કામગીરી ગ્રામ વિકાસ એજન્સી દ્વારા થઈ રહી છે. તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારીએ ગ્રામ વિકાસ એજન્સીની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોજનાના અમલીકરણમાં વેગ આવે તે માટે આ હુકમો કર્યા છે.

માણસા તાલુકાના ૧૧ ગામ, કલોલ તાલુકાના ૬ જેટલા ગામ, દહેગામના ૭ ગામ તેમજ ગાંધીનગરના બે ગામમાં યોજનાના અમલીકરણમાં ઉદાસીનતા જોવા મળી હોવાથી આ ગામોની તાત્કાલિક મુલાકાત લેવા તેમજ કયા કયા પ્રશ્નો છે તેનો અહેવાલ પણ માંગ્યો હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારીએ આજે સુપરવિઝનની જવાબદારી જે અધિકારીઓને સોંપવામાં આવી છે તેમની આજે એક તાકીદની બેઠક પણ જિલ્લા પંચાયત ખાતે બોલાવવામાં આવી છે.

માર્ચ મહિનો આવ્યો હોવાથી દરેક વિભાગોને તેમના લક્ષ્યાંક પૂર્ણ કરવાની કામગીરી ઉપરાંત આ વધારાની જવાબદારી સોંપવામાં આવતાં અધિકારીઓનો કાર્યબોજ વધી જવા પામ્યો છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આવાસ યોજના ઉપરાંત મનરેગા સહિત બીજી યોજનાઓના અમલીકરણમાં ઉદાસીનતા જોવા મળી રહી છે.

જિલ્લા વિકાસ અધિકારીએ તંત્રને વધુ ગતિશીલ અને ગ્રામાભિમુખ બનાવવાના અભિગમને અગ્રતા આપી આ જવાબદારી અન્ય અધિકારીઓને સોંપી હોવાનું પંચાયતના વર્તુળોમાં સાંભળવા મળ્યુ છે.

# શહેરના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે પાણી સપ્લાય કરવા બે કિ.મીની નવી લાઈન નંખાઈ

## પાલજ, બોરીજ, આદીવાડા ગામમાં નવી લાઇના નાંખવામાં આવી : ગેરકાયદેસર જોડાણ કાયદેસર કરવામાં આવશે ગ્રામજનોને પૂરતા ફોર્સથી પાણી સપ્લાય કરાશે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે નવા જોડાણ આપવા માટે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. નળ સે જળ યોજના અન્વયે ગેરકાયદેસર જોડાણને કાયદેસર કરવામાં આવે છે જયારે શહેર આસપાસના ગામોમાં પણ દરેક ઠેકાણે પાણી પુરવઠો સપ્લાય કરી શકાય તે માટે બાકી રહેતુ પાઈપલાઈનનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે આ અન્વયે બોરીજ પાલજ અને આદીવાડામાં પાઈપલાઈનની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જે અન્વયે કુલ ૨ કી મી ના વિસ્તારમાં નવી લાઈન નાંખવામાં આવી છે. જેથી આગામી ઉનાળામાં શહેરના ગામોમાં પાણી પુરવઠો પણ ફોર્સથી આવશે.

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં અવારનવાર માળખાકીય સુવિધાઓ પર્યાપ્ત ન હોવાનો આક્રોશ પ્રબળ બને છે. જેના લીધે સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તે છે. જયારે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીની પોકાર પણ વિશેષ ઉઠવા પામે છે જેના લીધે ગામોમાં પાણીના મામલે બેડાયુધ્ધ જેવી સ્થિતિ સર્જાય છે. અનેકવાર સ્થાનિક મહીલાઓ તંત્રની કચેરીએ માટલા ફોડીને વિરોધ પણ પ્રદર્શિત કરે છે. જયારે શહેરના ગામોમાં દરેક વાસ અને ઠેકાણે પીવાનુ પાણી મળી રહે તે માટે સરકારે નળ સે જળ યોજના અન્વયે ગેરકાયદેસર જોડાણને કાયદેસર કરવા માટે કામગીરી હાથ ધરી છે. આ માટે ગામોમાં સર્વે કરાઈને જરૂરી વિસ્તારમાં પાણીની નવી પાઈપલાઈન નાંખવા માટે પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે અત્યાર સુધી ત્રણ ગામોમાં પાઈપલાઈન નાંખવાનુ કામ પુર્ણ પણ કરી દેવાયુ છે. જેમાં બારીજ , આદીવાડા અને પાલજમાં પાણીની લાઈન નાંખવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જેમાં પાલજમાં ૧ કી મી ની લાઈન નાંખવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાહુલ ગાંધી ૨૨મીથી ૪ દિવસ માટે ગુજરાતમાં

## દ્વારકા ખાતે કોંગ્રેસની ચિંતન શિબિર યોજાશે : ચિંતન શિબિરમાં કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત કોંગ્રેસની ચિંતન શિબિર દ્વારકા ખાતે યોજાનારી છે જેમાં કોંગ્રેસ ના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી ઉપસ્થિત રહેશે. દ્વારકા ખાતે યોજાનારી કોંગ્રેસની ચિંતન શિબિરમાં આગામી વિધાનસભા ચૂંટણી અંગે રણનીતિ ઘડીને કોંગ્રેસ શંખનાદ ફૂંકશે.

આ અંગેની વિગતો આપતા વિપક્ષ કોંગ્રેસના નેતા સુખરામ રાઠવાએ જણાવ્યું હતું કે આગામી ૨૨મી ફેબ્રુઆરી થી ૨૭મી ફેબ્રુઆરી વચ્ચે દ્વારકા ખાતે કોંગ્રેસની ચિંતન શિબિર યોજાનારી છે અને આ શિબિરમાં સંભવિત કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પ્રિયંકા ગાંધી સહિતના નેતાઓ ઉપસ્થિત રહેનાર છે.

તેમણે જણાવ્યું હતું કે આ ચિંતન શિબિરમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે તેમજ આગામી વિધાનસભા ચૂંટણી અંગે ચર્ચા-વિચારણા કરીને રણનીતિ ઘડી ને આગામી ચૂંટણી અંગે શંખનાદ ફુંકવા માં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com